નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ, અમદાવાદ

સ્કાઉટભવન, પ્રભુદાસ ઠક્કર કોલેજ પાસે, નારાયણ નગર રોડ, પાલડી, અમદાવાદ – ૦૯

ભાઈશ્રી / બહેનશ્રી

વિષય : **નાયબ શાસનાધિકારી, ટ્રેઈન્ડ ગ્રેજ્યુએટ સુપરવાઇઝર, અધ્યાપક - નૂતન તાલીમ વિભાગ, સુપર વાઇઝર - સિગ્નલ સ્કૂલ તેમજ જુનિયર ક્લાર્કની ખાલી પડેલ જગ્યા માટે ઉમેદવારોની ભરતી માટે લેખિત પરીક્ષામાં ઉપસ્થિત રહેવા બાબત.**

નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ, અમદાવાદ દ્વારા પ્રસિદ્ધ થયેલ તા. 21-11-2024 ના રોજની જાહેરખબરના સંદર્ભમાં આપશ્રીએ કરેલ **નાયબ શાસનાધિકારી, ટ્રેઈન્ડ ગ્રેજ્યુએટ સુપરવાઇઝર, અધ્યાપક - નૂતન તાલીમ વિભાગ, સુપર વાઇઝર - સિગ્નલ સ્કૂલ તેમજ જુનિયર ક્લાર્કની ખાલી પડેલ** જગ્યા માટેની ઓનલાઈન અરજી અન્વયે ભરતી કરવા અંતર્ગત નીચે દર્શાવેલ સમયપત્રક મુજબ નિયત કરેલ સ્થળે યોજેલ લેખિત પરીક્ષામાં આપશ્રીને સ્વખર્ચે બિનચૂક ઉપસ્થિત રહેવા જણાવવામાં આવે છે. લેખિત પરીક્ષામાં ગેરહાજર રહેવાથી આપની સદર જગ્યા માટેની ઉમેદવારી આપોઆપ રદ ગણાશે.

જેઅત્રેની વેબસાઇટ https://www.formonline.co.in/AMCSchoolBoard/News.aspx ઉપરથી હોલ ટિકિટપરીક્ષાના દિવસ સુધી ડાઉનલોડ કરી શકાશે જેની નોંધ લેશો.

| SR No | Post | ExamDate | ExamTime |
|---|---|---|---|
| 1 | ટ્રેઇન્ડ ગ્રેજ્યુએટ સુપરવાઈઝર | 22-06-2025 | 09:00 AM to 09:30 AM |
| 2 | સુપરવાઈઝર – સિગ્નલ સ્કૂલ | 22-06-2025 | 10:30 AM to 11:00 AM |
| 3 | નાયબ શાસનાધિકારી | 22-06-2025 | 12:00 Noon to 12:30 PM |
| 4 | અધ્યાપક - નૂતન તાલીમ વિભાગ | 22-06-2025 | 01:30 PM to 02:00 PM |
| 5 | જુનિયર ક્લાર્ક | 29-06-2025 | 12:00 Noon to 12:30 PM |

## જરૂરી સૂચનાઓ

1. ન.પ્રા.શિ.સમિતિ,અમદાવાદ દ્વારા તા. 21-11-2024 ના રોજ આપવામાં આવેલ જાહેરખબરમાં જણાવેલ સૂચનાઓ તથા લાયકાત મુજબના ઉમેદવારોને આ લેખિત પરીક્ષામાં ઉપસ્થિત થવા તદ્દન કામચલાઉ ધોરણે કોલલેટર આપવામાં આવેલ છે. આ કોલલેટર અંગે ન.પ્રા.શિ.સમિતિ, અમદાવાદની સ્ટાફ સિલેકશન કમિટી / નોન ટીચીંગ સ્ટાફ સિલેક્શન કમિટીનો નિર્ણય આખરી રહેશે.
2. ન.પ્રા.શિ.સમિતિ, અમદાવાદ દ્વારા પ્રસિદ્ધ થયેલ મૂળ જાહેરખબર મુજબ તા. 20-12-2024 ના રોજ ઉમેદવાર નિયતવય, શૈક્ષણિક લાયકાત તથા અનુભવ ધરાવે છે તે શરતે જ ઉમેદવારને તદ્દન કામચલાઉ ધોરણે અરજીપત્રક અને તેની સાથે રજુ કરેલ આધારોની ચકાસણી કર્યા સિવાય ઉમેદવારોની પોતાની જવાબદારી ઉપર લેખિત પરીક્ષામાં કોલલેટર આપવામાં આવેલ છે. જો કોઇપણ તબક્કે ન.પ્રા.શિ.સમિતિ, અમદાવાદની સ્ટાફ સિલેકશન કમિટીને જાહેરખબરની સૂચનાઓ તથા લાયકાત મુજબ ઉંમર, શૈક્ષણિક લાયકાત તથા અનુભવ અંગેની કે અન્ય જોગવાઈ / શરતો સંતોષતા નથી તેવું ધ્યાન પર આવ્યેથી તેમજ ઉતીર્ણ થયા હશો તો પણ તે રદબાતલ ગણવામાં આવશે.
3. પરીક્ષાની જવાબવહીમાં બેઠક નંબર અને પ્રશ્નપત્ર નંબરની વિગતો ભરવાની થાય છે. પરીક્ષા શરૂ થાય તે પહેલા આપે એક કલાક અગાઉ પરીક્ષા કેન્દ્ર પર તથા ૩૦ મીનીટ અગાઉ પરીક્ષાખંડમાં ઉપસ્થિત થઈને આપનું સ્થાનગ્રહણ કરી લેવું.
4. પરીક્ષા શરૂ થયા બાદ કોઈપણ સંજોગોમાં ઉમેદવારને પ્રવેશ આપવામાં આવશે નહિ. જેની સ્પષ્ટ નોંધ લેશો.
5. પરીક્ષાના પુરા સમય દરમ્યાન પરીક્ષાખંડ છોડી શકાશે નહિ. એટલે કે લેખિત પરીક્ષાનો સંપૂર્ણ સમય ૩૦ મીનીટ સુધી પરીક્ષાખંડ છોડી શકાશે નહિ.
6. અંધ/લખી ન શકે તેવા ઉમેદવારોને લહીયા (Scribe)ની સુવિધા માટે આધાર પુરાવા સાથે તા. 18-06-2025 પહેલા લહીયા સાથે રૂબરૂમાં અરજી અને સિવિલ સર્જનનું પ્રમાણપત્ર અત્રેની કચેરીએ અચૂક રજુ કરી મંજૂરી મેળવી લેવાની રહેશે.
7. જવાબવહીમાં જવાબ લખવા માટે ભૂરી / કાળી બોલપેન જ વાપરવાની રહેશે.
8. તમામ પરીક્ષાખંડો તેમજ પરીક્ષાખંડની બહાર CCTV સર્વેલન્સ હેઠળના છે. જે ધ્યાને લેશો.
9. પરીક્ષાખંડમાં ઉમેદવારે પ્રવેશપત્ર સિવાય કોઈ વસ્તુ જેવી કે નોંધો, નોટ, કેલક્યુલેટર, પુસ્તક ગાણિતિક સાધનો કે કોષ્ટકો તથા ગુટખા કે ખાદ્ય સામગ્રી વેગેરે લાવવી નહિ જો હોય તો તે આપના જોખમે પરીક્ષાખંડની બહાર આપશ્રીની જવાબદારી પર મુકી દેવાના રહેશે.
10. પરીક્ષાખંડમાં મોબાઈલ, પેજર, કેલક્યુલેટર કે અન્ય પ્રકારના ઈલેક્ટ્રોનીક સાધનો તેમજ પરીક્ષાને સંલગ્ન મુદ્રિત સામગ્રી લઇ જવા પર પ્રતિબંધ છે. જો કોઈ ઉમેદવાર આવા સાધનો સાથે પકડશે તો તુરત જ લખવાનું બંધ કરાવવામાં આવશે અને ઉત્તરવહી તથા પ્રશ્નપત્ર ઉમેદવાર પાસેથી પરત લઇ લેવામાં આવશે અને તે અંગેનું પ્રાથમિક નિવેદન ઉમેદવારે આપવાનું રહેશે. આવા ઉમેદવારને પરીક્ષાનો સમય પૂર્ણ થાય

ત્યાં સુધી પરીક્ષાખંડની બહાર જવાની મંજૂરી આપવામાં આવશે નહિ. ચોરીનો પ્રયાસ કરવો અથવા તો કરાવવો તે ગુનાહિત બાબત છે.


11. પરીક્ષાખંડમાં આપને અલગથી જવાબવહી (OMR શીટ) આપવામાં આવશે. આપે આપના જવાબ આ જવાબવહીમાં લખવાના રહેશે. જવાબવહી સિવાય અલગ લખેલા જવાબ તપાસવામાં આવશે નહિ. જવાબવહી પર પ્રશ્નોની સંખ્યા આપવામાં આવેલ હશે. દરેક પ્રશ્નની સામે A B Cઅને D ચિન્હવાળા વર્તુળ આપવામાં આવેલ હશે પ્રશ્નપુસ્તિકાનો પ્રશ્ન વાંચીને તેનો સાચો જવાબ શોધીને આપે જવાબવહીમાં તે જ પ્રશ્ન સામેના વર્તુળને નીચે દર્શાવ્યા મુજબ પુરી રીતે ભરી દેવાનું રહેશે.

12.

ઉદા. ૧. ગુજરાત રાજ્યના મુખ્યમંત્રી કોણ છે?

A. નરેન્દ્રભાઈ મોદી B. ભૂપેન્દ્રભાઈ પટેલ C. પ્રદીપસિંહ જાડેજા

D. હર્ષભાઈ સંઘવી




**નોંધ :ઉપરનું ઉદાહરણ ઉમેદવારોને માર્ગદર્શન મળી રહે તે હેતુથી આપવામાં આવેલ છે.**

- ૫૦ ગુણની OMR Based લેખિત પરીક્ષામાં પ્રત્યેક સાચા ઉત્તર માટે ૧ (એક) ગુણ આપવામાં આવશે.
- OMR શીટમાં આપનો જવાબ સુનિશ્ચિત કર્યા બાદ જ વર્તુળમાં બોલપેનથી ઉપર મુજબ ડાર્ક કરવું એક થી વધુ વર્તુળમાં ડાર્ક કરવામાં આવેલ હશે, વ્હાઈટનરનો ઉપયોગ કરેલ જણાશે તો તે જવાબને ખોટો ગણવામાં આવશે.
- સદર લેખિત પરીક્ષામાં કોઈપણ પ્રકારના નેગેટીવ ગુણ રાખવામાં આવેલ નથી. એક થી વધુ વર્તુળમાં ડાર્ક કરવામાં આવેલ હશે કે પછી જવાબ ન આપેલ ઉત્તરના (અનકોડેડ આન્સર) માટે કોઈ ગુણ કાપવામાં આવશે નહિ.

13. પરીક્ષાનું માળખું જાહેરખબરમાં દર્શાવ્યા મુજબનું રહેશે આમ છતાં માળખાના ગુણભારમાં ફેરફારને અવકાશ છે જેની સ્પષ્ટ નોંધ લેશો.

14. ઉમેદવારે ફોટાવાળું કોઈપણ એક ઓરીજીનલ આઈડીપ્રૂફ તથા તેની પ્રમાણિત કરેલ ઝેરોક્ષ નકલ લેખિત પરીક્ષા વખતે ફરજીયાત રીતે લાવવાની રહેશે અને પ્રમાણિત ઝેરોક્ષ નકલ બ્લોક સુપરવાઇઝરને જમા આપવાની રહેશે (માન્ય આઈડી પ્રૂફ જેવા કે આધારકાર્ડ, પાનકાર્ડ, ઈલેક્શનકાર્ડ, ડ્રાઈવિંગ લાયસન્સ, જ્યાં નોકરી કરતાં હોય ત્યાનું ઓળખકાર્ડ)

15. પ્રશ્નના જવાબ સિવાય OMR શીટમાં કોઈપણ પ્રકારની અસંગત વિગતો, ટીકા ટીપ્પણી લખવાની રહેશે નહિ આમ કરવાથી લેખિત પરીક્ષામાં આપની ઉમેદવારી રદ કરવામાં આવશે. જેની સ્પષ્ટ નોંધ લેશો.

16. પરીક્ષાખંડમાં શાંતિ જાળવવાની રહેશે તેમજ અન્ય ઉમેદવારો જોડે વાતચીત કરવાની સંપૂર્ણ મનાઈ છે.

17. લેખિત પરીક્ષા દરમ્યાન ઉમેદવારને પરીક્ષાખંડના સુપરવાઈઝર / નિરીક્ષક તરફથી જે કાંઈ પરીક્ષાલક્ષી સૂચનાઓ આપવામાં આવે તેનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે જો ઉમેદવાર તેમ નહિ કરે કે અઘટિત અથવા અનુચિત આચરણ કરશે તો તેઓને પરીક્ષાખંડમાંથી ઉભા કરી દેવામાં આવશે.

18. કુદરતી આપત્તિ તેમજ અનિવાર્ય સંજોગોમાં લેખિત પરીક્ષા મુલતવી રહે કે સ્થળ તેમજ સમયનો ફેરફાર કરવાનો જણાશે તો તેની જાણ અત્રેની કચેરીની વેબસાઈટ https://www.amcschoolboard.org/ પર પ્રસિદ્ધ કરવામાં આવશે. જેની સ્પષ્ટ નોંધ લેશો.

19. પરીક્ષા પૂર્ણ થયા બાદ ઉમેદવાર પોતા ની OMR-Sheet Login Credential દાખલ કરી https://www.formonline.co.in/AMCSchoolBoard/News.aspx પર થી Download શકશે. પરીક્ષા પૂર્ણ થયા બાદ પ્રશ્ન પત્રોના જવાબોની કામચલાઉ કી (પ્રોવિઝનલ આન્શર કી) અત્રેની કચેરીની વેબસાઈટ https://www.amcschoolboard.org/ તથા https://www.formonline.co.in/AMCSchoolBoard/News.aspx પર પ્રસિદ્ધ કરવામાં આવશે. આ કામચલાઉ કી (પ્રોવિઝનલ આન્શર કી) બાબતે જો કોઈ રજૂઆત કરવાની થતી હોય તો આવી રજૂઆતમાટે ONLINE વાંધા અરજી કરવાની રહેશે. ઉમેદવાર ONLINE વાંધા અરજી કામચલાઉ કી (પ્રોવિઝનલ આન્શર કી) પ્રસિદ્ધ થયા પછી ના 72 કલાક સુધી કરી શકશે. જેમાં આધાર-પુરાવા સિવાયની પણ કોઈપણ રજૂઆત ધ્યાને લેવામાં આવશે નહિ.

    રૂબરૂમાં કે રજીસ્ટર એડી થી (ટપાલ મારફતે) કોઇપણ પ્રકારની રજૂઆત સમયમર્યાદામાં અત્રેની કચેરીએ મળશે તો તે પણ ધ્યાને લેવામાં આવશેનહિ.

20. ચેતવણી : નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ, અમદાવાદ દ્વારા થઇ રહેલી આ લેખિત પરીક્ષાની પ્રક્રિયામાં આપ કે આપના વતી અન્ય ત્રાહિત વ્યક્તિ દ્વારા નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ, અમદાવાદના અધિકારીશ્રીઓ / કર્મચારીશ્રીઓ ઉપર કોઈપણ જાતની ભલામણ, લાગવગ કે દબાણ લાવવાનો પ્રયાસ કરશે તો તેવા ઉમેદવારોને નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ, અમદાવાદ દ્વારા સદર ઉમેદવારી માટે ગેરલાયક ઠરાવી શિક્ષાત્મક કાર્યવાહી કરાશે. જેની સ્પષ્ટ નોંધ લેશો.

21. વિશેષ સુચના : ઉમેદવારોને લાંચ-રૂશવત / લાલચ કે છેતરપીંડી આચરે તેવા અસામાજિક તત્વોથી દૂર રહેવા સાવધાન કરવામાં આવે છે. આવી કોઈપણ પ્રકારની અસામાજિક પ્રવૃતિ / છેતરપીંડી આપના ધ્યાને આવે તો તરત જ નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ, અમદાવાદને અથવા નજીકના પોલિસ સ્ટેશનમાં લેખિતમાં માહિતી આપવા વિનંતી છે.

તા.12-06-2025

શાસનાધિકારી

ન.પ્રા.શિ.સમિતિ, અમદાવાદ